સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

દિલ્હી સરકારનો નજીબ સામે કેવો જંગ છે?
સત્તા વિના ઝઝૂમે શ્રી કેજરીવાલને રંગ છે,
ભંગ છે કેવો હક્ક અને મૂલ્યોનો લોકશાહીમાં -
થયા કઠપૂતળી, નજીબ પણ એક નંગ છે.

અહીં આવે ના -
કડક સુરક્ષાથી -
વર્ષાદ પણ..
(નગર કોરૂં..)

લેવાતાં નથી -
'મત' સંદર્ભ વિના,
કોઇ કદમ..
(ચૂંટણીલક્ષી નિર્ણયો)

ચિંતન

અર્થાનામર્જનં કાર્ય વર્ધનં રક્ષણં તથા । ભક્ષ્યમાણો નિરાદાય સુમેરુ રપિ હીયતે ॥

'ધન-પૈસો સદાય એકઠા પણ કરતા રહેવું જોઇએ, અને તેન સાચવી-સાચવીને વાપરવું જોઇએ; જો તેમ ન કરવામાં આવે અને માત્ર કાઢી-કાઢીને ખાધા કરીએ-વાપર્યા જ કરીએ તો ગમે તેટલો - સુમેરુ પર્વત જેટલો પણ ખજાનો હોય પણ ક્ષીણ થઇ જાય છે.'

બચત અને કરકસર જીવન માટે ખૂબ જ જરુરી છે. સંચિત સમૃદ્ધિ સંકટ સમયની સાંકળ છે. કરકસર એ લોભ નથી. જરુર પડે ધનનો ઉપયોગ સત્કર્મ-દાન-પુણ્ય કે ધર્મ માટે પણ કરવો જોઇએ.

પરંતુ કેટલાક વારસદાર જેને કોઇ પણ જાતનો પરિશ્રમ કર્યા વિના સંમત્તિ મળી ગઇ હોય તેવા કોઇ પછી કોઇ પણ કામકાજ-મેહનત કર્યા વિના બેઠાબેઠ જીવન જીવે છે અને બાપુકી મિલ્કત ઉડાડે છે. આવા માણસની સંપત્તિ ધીમે ધીમે નાશ પામે છે, અને પાછલી અવસ્થામાં દુઃખી થવું પડે છે.

સુવિચાર

- જે માણસ કોઇનું કશુંય સાંભળતો નથી એનું ઇશ્વર પણ કંઇ સાંભળતો નથી **- બંગલા કહેવત**
- શરીરને માત્ર સુખી કરવા જતાં આત્મા દુઃખી ન થઇ જાય તેનો ખ્યાલ રાખવો **- એસ. ભટ્ટાચાર્ય**
- સંતતિ અને સંપત્તિ એ કુદરતની દેન છે, તેને પ્રાપ્ત કરવા પાપ ન કરાય પણ પ્રયત્ન કરાય **- શાહબુદ્દીન રાઠોડ**
- નીતિ કપડા સમાન છે અન ધર્મ દાગીના સમાન. જેમ કપડા વિના ઘરેણાં શોભતાં નથી તેમ નીતિ વગરનો ધર્મ સારો લાગતો નથી **- મોરારિ બાપુ**
- કાચા કાન, શંકાશીલ નજર અને ઢીલું મન માણસને ગમે તેવા ઉપભોગો વચ્ચે પણ નરકનો અનુભવ કરાવે છે **- જનકલ્યાણ**
- તમારી હાજરીથી જે લોકો કાંપે છે.. એ જ લોકો તમારી ગેરહાજરીમાં તમને કાપે છે **- ફાધર વર્ગીસ**
- દિવસમાં બેએકવાર સ્મશાન ને યાદ કરી જોજો.. બીજું કંઇ નહીં પણ બુદ્ધિમાં ફેર જરુર પડશે **- ખલિલ જિબ્રાન**

(સંકલન : દિપક વી. આસરા)

બોધ કથા

આ હાડપિંજર ઉપર લોહી-માંસ-સ્નાયુઓ નસો-ચામડીના શણગાર છે એને આપણે પરફ્યુમ-પાવડર-ક્રીમના પપેડાથી વધારે શણગારીએ છીએ. આ સત્ય આપણી ખોપરીમાં ઉતરતું નથી. ચૈતન્ય-જીવ ગયા પછી મૃતદેહ ગંધાતા શરીરનો ઢગલો જ થઇ જવાનું છે આ સનાનત સત્ય આપણે કેમ ભૂલી જઇએ છીએ??

ચીની વિચારક સંત 'શિઝુ' એ સર્વનો ત્યાગ કર્યો હતો. એક થેલામાં કોઇકની 'માનવ' ખોપરી રાખતા-ગુસ્સો આવે-ખરાબ વિચાર આવે- મન આડુંઅવડું કૂદવા ઇચ્છે ત્યારે પેલા થેલામાંથી ખોપરી કાઢી 'પાંચ મિનિટ' એના તરફ જોઇ લેતા. પછી મન શાંત થાય એટલે ફરી થેલામાં મૂકી દેતા.

સંતનો શિષ્ય ઘણીવાર આ ક્રિયાને ધ્યાનથી જોતો, એને મનમાં મેલી-અઘોરી ક્રિયા હશે એમ અનુમાની એકવાર ગુરુ-સંત 'શિઝુ'ને પૂછી જ નાખ્યું, આપ ખોપરી પાસેથી શું આદેશ કે પ્રેરણા મેળવો છો?

શિઝુ કહે - આ ખોપરી સતત મને મૃત્યુ પછીની હાલત સમજાવે છે મન વિચલિત થાય કે કોઇ અપમાન કરે - આ ખોપરી ને શું?? એમ વિચારી હું મારા મન પર કાબૂ કરી લઉં છું..

Email - sureshchandrabhatt18@gmail.com

મોદી માટે બિહાર પ્રતિષ્ઠાનો જંગ

તંત્રી સ્થાનેથી....

વડાપ્રધાન નરેન્દ્ર મોદી એમના શાસનકાળના ચૌદ મહિના બાદ સૌથી વધુ સ્ટ્રેસ અનુભવતા હોય તો તે બિહાર વિધાનસભાની ચૂંટણીનાં સંદર્ભે. લલિતકાંડ, વ્યાપમ ગોટાળો, જમીન સંપાદન બિલ, કાળા નાણાં પરત લઇ આવવાની વાત કે રામમંદિર અથવા કાશ્મીરની અરાજકતા જેવા પડકારો કરતાં એમને બિહારનો પડકાર વધારે ખતરનાક લાગી રહ્યો છે. રાહુલ ગાંધીની મજાક ઉડાવી શકાય છે પરંતુ નીતીશ કુમારની કાર્યક્ષમતા અને કુનેહ તથા રાજકીય કોઠાસૂઝની બરાબરી કરી શકે એવું સ્થાનિક નેતૃત્વ ઉપલબ્ધ નહીં હોવાથી ભાજપ બિહારની ચૂંટણી મોદીના નામ પર જ લડવા કૃતસંકલ્પ છે. મોદી માટે આ પરિસ્થિતિ વિશેષ ચિંતાજનક છે, કારણ કે જો કોઇ સ્થાનિક નેતાને મુખ્યમંત્રી પદનો ઉમેદવાર જાહેર કરી દેવાયો હોત તો સંભવિત પરાજયની જવાબદારી એના શિરે ઢોળી દેવાની શક્યતા રહેત. જયારે મોદીના જ નામ પર ચૂંટણી લડવાનો નિર્ણય થયો છે ત્યારે એ ચૂંટણી કોઇ પણ ભોગે જીતી બતાવવી પડે, નહીંતર લોકસભાની ચૂંટણી વખતે કારમી શિકસ્ત પામેલા બિહારી નેતા ફરી એક વાર મોદીના પ્રતિસ્પર્ધી રાષ્ટ્રીય નેતા તરીકે ઊપસી આવવાની સંભાવના છે. તેથી મોદી હવે બિહાર મુદે ખૂબ જ સંવેદનશીલ બની ગયા છે. એમણે સાંસદના ચોમાસુ સત્રની સમાપ્તિ બાદ બિહારને લોભામણી સોગાતો ધરવાની ખાતરી આપી દીધી છે. બિહાર માટે નીતીશકુમાર કેન્દ્ર સરકાર પાસે સ્પેશિયલ દરજ્જાની માગણી કરતા રહ્યા છે. મોદીએ આડકતરો સંકેત આપી જ દીધો છે. બિહારમાં ભાજપ સરકાર આવે એટલી જ વાર. પછી બિહાર અળખામણું નહીં રહે, એ સવાયું ગુજરાત બની જશે. મોદીએ એમની લાક્ષણિક ઢબે નીતીશના ડીએનએ સામે શંકા વ્યક્ત કરી છે. જીતનરામ માંઝી સાથે કે સુશીલ મોદી સાથે એમણે કરેલા વ્યવહાર સબબ એમણે આ ટીકા કરી છે અને બિહારને જંગલરાજ ભણી ધકેલી રહ્યાનો આરોપ પણ લગાવ્યો છે. લાલુ યાદવના 'જંગલ રાજ' ને સંભારીને એમણે નીતીશ-લાલુ વચ્ચે પણ વૈમનસ્ય સર્જવાની કોશિશ કરી છે. બિહારી નેતાઓ મોદીની આ રાજનીતિ બરાબર સમજે છે. તેથી સ્તો ખુદ ભાજપના વરિષ્ઠ નેતા અને મોદીના પૂર્વગ્રહનો ભોગ બનેલા ઉચ્ચ કક્ષાના અભિનેતા શત્રુઘ્ન સિન્હા મોદીની રેલી પછી રાતે નીતીશને રૂબરૂ મળવા દોડી ગયા. એટલું જ નહીં, એમણે નીતીશને કુશળ વહીવટદાર ગણાવ્યા અને મોદીએ એમના વિશે કરેલ અભદ્ર ઉચ્ચારણોને કમનસીબ ગણાવી પોતે નીતીશના પ્રશંસક હોવાની પ્રતીતિ કરાવી. મોદી માટે શત્રુઘ્ન સિન્હા જેવા દબંગ ભાજપી સાંસદ નો આવો ખુલ્લો વિરોધ પણ એક પડકાર સમાન છે. વિરોધી સૂર સહન કરવા નહીં ટેવાયેલા મોદી શત્રુઘ્ન સિન્હા સામે પગલાં લેવડાવે છે કે એમને આજ પર્યંત નજરઅંદાજ કરતા રહ્યા છે એ રીતે આંખ આડા કાન કરી હાંસિયે ધકેલતા રહે છે, તે જોવું રસપ્રદ બની રહેશે. શત્રુઘ્ન સિન્હાને બિહારના મુખ્યમંત્રીપદના ઉમેદવાર તરીકે પ્રોજેક્ટ કરી શકાય એમ હતા. જો એમ થયું હોત તો ઊજળિયાત ભૂમિહાર અને કાયસ્થ-વૈશ્ય શહેરી પ્રજા ઉપરાંત બિહારનો યુવા વર્ગ બમણા ઉત્સાહથી ભાજપની તરફેણમાં સક્રિય થઇ ગયો હોત. શત્રુઘ્ન સિન્હાની સ્ટાર દીકરી સોનાક્ષી સહિત આખું બોલીવુડ ભાજપના પ્રચારમાં ઊમટી પડ્યું હોત. પરંતુ મોદી શત્રુઘ્ન જેવા બોલકા અને સમર્થ પ્રતિભાશાળી આગેવાનને લિફ્ટ આપવાનું જોખમ ખેલવાની ભૂલ ન જ કરે પછી ભલે બિહાર હાથથી જતું હોય તો જાય. વર્તમાન સંજોગોમાં મોદી બિહાર જીતવા માટે આકાશપાતાળ એક કરી રહ્યા છે અને જ્ઞાતિ સમીકરણો ગોઠવી નીતીશ-લાલુને એમના જ રણાંગણમાં ધૂળ ચટાડવા કૃતસંકલ્પ છે. જો કે બિહારીઓમાં જો બિહારી અસ્મિતાનો મુદ્દો જોર પકડશે તો ગુજરાતી વડાપ્રધાન માટે બિહારનો જંગ કારકિર્દીનો વળતાં પાણી સાબિત થઇ શકે એમ છે.

પ્રબુદ્ધ વિચારક અને સાધક પૂ. ભાણદેવજીના જીવન વિશેના વિચારો જાણીએ

હું રસ્તે રઝળતી વારતા

- અયના કમલેશ

અંતરનો તપાસો! અંદર જુઓ! પ્રામાણિકતાપૂર્વક અંદર જુઓ! પ્રથમ અનુભવ શાનો થાય છે? સામાન્યતઃ પ્રથમ અનુભવ દુઃખનો હોય છે. બહારના કોઇ દેખીતા કારણ વિના પણ માનવીનાં ચિત્તમાં એક પ્રકારના દુઃખક લાગણી વહેતી હોય છે. દુઃખનાં દેખીતાં કારણો અને કારણોમાંથી પ્રગટતી દુઃખદ લાગણીને બાજુમાં નાખી દઇએ, તોપણ માનવીના ચિત્તમાં દુઃખનો અનુભવ સતત રહેતો હોય છે.

આ સતત વહેતો દુખનો અનુભવ શું છે? આ દેખીતા કારણ વિના અનુભવાતું દુઃખ શું છે? આ દુઃખના પાયામાં છે - વ્યર્થતાનો અનુભવ! માનવી સતત એક પ્રકારની વ્યવર્થતાની લાગણી અનુભવે છે અને માનવી સતત સાર્થકતા પામવા માટે ફાંફાં મારે છે. આ ફાંફાં, આ પ્રયત્નો સફળ કેમ થતાં નથી? માનવી જીવનની યથાર્થ સાર્થકતા કેમ પામી શકતો નથી?

આ પ્રશ્નનો ઉત્તર મેળવવા માટે આપણે આટલું સમજવું જોઇએ :

(૧) જીવનમાં નિરર્થકતાની લાગણી શા માટે અનુભવાય છે? આ નિરર્થકતા શું છે?

(૨) જીવનની યથાર્થ સાર્થકતા શું છે અને તેને કેવી રીતે પામી શકાય છે?

બાહ્ય દૃષ્ટિથી જોઇએ તો જીવન માટે આવશ્યક તેવું બધું જ - ધન, પરિવાર, પદ, પ્રતિષ્ઠા, નિવાસસ્થાન આદિ ભરપૂર હોય. તો પણ જીવનમાં કાંઇક મૂળભૂત તત્ત્વ ખૂટે છે - આવો અનુભવ પ્રત્યેક જાગૃત માનવીને થાય જ છે! આ અનુભવ નિરર્થકતાનો અનુભવ છે.

કહી ન શકાય, સમજાવી ન શકાય તેવી આ ઊંડી અકળામણ છે.

જીવન નકામું લાગે, રસહીન લાગે, યંત્રવત્ લાગે, ઉદ્દેશહીન મુસાફરી જેવું લાગે, જાતે જીવન એક બોજો છે, તેમ લાગે - આવો આ જીવનની નિરર્થકતાનો અનુભવ છે.

માનવી આ નિરર્થકતાના દુઃખધ અનુભવમાંથી મુક્ત થવા અને સાર્થકતાના અનુભવને પામવા ફાંફાં મારે છે.

આ નિરર્થકતાનો અનુભવ શો છે?

આ નિરર્થકતાનો અનુભવ જીવનનું કેન્દ્રસ્થ તત્ત્વ ગુમાવ્યાનો અનુભવ છે.

આપણું જે અસલી સ્વરુપ છે, તેને ચૂકી જવાથી જે દુઃખદ લાગણી અનુભવાય છે, તે જ આ નિરર્થકતાની લાગણી છે.

આપણું મૂળભૂત, અસલી, સ્વરુપ આત્મસ્વરુપ છે, તેને ચૂકી જવાથી નિરર્થકતા કે વ્યર્થતતાની દુઃખદ લાગણી સતત અનુભવાય છે. પોતાના મૂળભૂત, અસલી આત્મસ્વરુપમાં પ્રતિષ્ઠિત થવાની પરમ સાર્થકતા અનુભવાય છે અને નિરર્થકતાની દુઃખદ લાગણીમાંથી કાયમી ધોરણે છુટકારો મળે છે. નિરર્થકતા રોગનું મૂળભૂત નિદાન અને મૂળભૂત ચિકિત્સા આ છે.

એક ચિત્રકાર સુંદર ચિત્ર બનાવે છે. આ ચિત્ર બનાવીને તે સંતોષ અનુભવે છે અને સર્જનનો આનંદ અનુભવે છે. આ અનુભવને આપણે સાર્થકતાનો અનુભવ ગણીએ છીએ. એટલું જ નહિ. ચિત્રકારના આ ચિત્રને જોઇને ભાવકો પ્રસન્ન થાય અને ચિત્ર અને ચિત્રકારને પ્રશંસાનાં પુષ્પો અર્પણ કરે તો ચિત્રકારની સાર્થકતાની લાગણી દ્વિગુણીત થાય છે.

કવિ-સાહિત્યકારનાં સર્જન, શિલ્પકારની શિલ્પકૃતિઓ, સંગીતકારના ગાનવાદન કે નૃત્યકારના નૃત્ય વિશે પણ આમ જ કહી શકાય.

એક ડૉકટરની ચિકિત્સાથી એક કે અનેક દરદીઓ સાજાસારા થઇ જાય, તો ડૉકટરના મનમાં સંતોષ અને પ્રસન્નતા અનુભવાય છે. આ લાગણીને આપણે સાર્થકતાનો અનુભવ કહીએ છીએ.

એક શિક્ષક વિદ્યાર્થીઓને સારી રીતે ભણાવે એન તેમના જીવન - વિકાસમાં મૂલ્યવાન સહાય પ્રદાન કરે, તો સ્વાભાવિક રીતે જ શિક્ષક પ્રસન્નતા અનુભવે છે અને આ અનુભવને આપણે સાર્થકતાનો અનુભવ ગણીએ છીએ.

સાર્થકતાના આ અનુભવ વિશે આપણે મૂલગામી દૃષ્ટિકોણથી વિચાર કરવાની આવશ્યકતા છે.

આ બધા પ્રકારની સાર્થકતા શું ખરેખર સાર્થકતા આપે છે? આ સાર્થકતા યથાર્થ સાર્થકતા છ? આપણે આપણા રોજબરોજના જીવનમાં આ પ્રકારના વિધાનો વારંવાર કરતા હોઇએ છીએ - ''હું ધન્ય થઇ ગયો!''

''મારું જીવન ધન્ય થઈ ગયું!''

''મારું જીવ્યું સાર્થક થયું!''

(અનુસંધાન પાના નં. ૬ પર)

ધી મેન્ટેનન્સ એન્ડ વેલીફેર ઓફ પેરેન્ટ્સ એન્ડ સીનીઅર સિટીઝન એક્ટ ૨૦૦૭ એ ભારતમાં જમ્મુ અને કાશ્મીર સિવાય સમગ્ર ભારતમાં તેમજ ભારતના જે નાગરિકો ભારત બહાર રહેતા હોય એમને પણ આ કાયદો લાગુ પડે છે

મહિલા સમાજ અને કાયદો

- ડૉ. ભાવના કે. જોશીપુરા

આપણે ગત અંકમાં મા-બાપ અને વરીષ્ઠ નાગરીકોના ભરણપોષણ અને તેમના કલ્યાણ માટેના અધિનિયમ-૨૦૦૭ ની પૂર્વ ભૂમિકા સંદર્ભે ચર્ચા કરી. ખાસ કરીને સમાજમાં બાળકો, મહિલાઓ અને વૃધ્ધ માતાપિતા એ ત્રણેયના સંદર્ભમાં ભરણપોષણ સંદર્ભે ક્રિમીનલ પ્રોસીઝર કોડમાં કલમ ૧૨૫ થી ૧૨૮ માં જોગવાઈ કરવામાં આવેલી છે. આ ઉપરાંત હિન્દુ દતક વિધાન અને ભરણપોષણનો કાયદો પણ અસ્તિત્વમાં છે અને તેમાં પણ વિધવા પૂત્ર વધૂના ભરણપોષણનું વિશિષ્ટ જોગવાઈઓ છે. હિન્દુ મેરેજ એકટ કલમ-૨૪ અને કલમ-૨૫ માં પણ પત્ની અને બાળકોના ચાલતા ક્રમે ભરણપોષણ અને કાયમી ભરણપોષણની જોગવાઈ કરવામાં આવી છે.

ઉપરોકત કાયદાકીય જોગવાઈઓ હોવા છતા વૃધ્ધ માતાપિતા આગળના અંકમાં જોયું તેમ અચાનક કફોડી સ્થિતિમાં મૂકાઈ જાય તેવા અનેક બનાવો રોજબરોજ જોવા મળે છે અને તે રીતે એક વિશિષ્ટ કાયદો કરવાની જરૂર ઉભી થઈ છે. આ કાયદાનું નામ ભભમાં - બાપ અને વરીષ્ઠ નાગરિકોના ભરણપોષણ અને તેમના કલ્યાણ માટેનો અધિનિયમ-૨૦૦૭ છે. આપણે જાણીએ છીએ કે આપણા બંધારણમાં પણ દરજાયુકત જીવનની બાબત નિર્દેશ કરવામાં આવેલ છે અને તેને સાર્થક કરવા માટે આપણી લોકશાહીના ૫૮ માં વર્ષમાં સને-૨૦૦૭ માં કેન્દ્રિય અધિનિયમ-૫૭ મો ઘડવામાં આવેલ છે. જેનું બિલ લોકસભાએ ૫ ડિસેમ્બર, ૨૦૦૭ અને રાજય સરકારે ૬ ડિસેમ્બર, ૨૦૦૭ ના રોજ પાસ કર્યું છે.

ધી મેન્ટેનન્સ એન્ડ વેલીફેર ઓફ પેરેનટસ એન્ડ સીનિઅર સિટિઝન એકટ ૨૦૦૭ એ ભારતમાં જમ્મુ અને કાશ્મીર સિવાય સમગ્ર ભારતમાં તેમજ ભારતના જે નાગરિકો ભારત બહાર રહેતા હોય એમને પણ આ કાયદો લાગુ પડે છે.

આ કાયદામાં બાળકોની વ્યાખ્યામાં પુત્ર, પુત્રી, પૌત્ર અને પૌત્રીનો સમાવેશ થાય છે. ખાસ એ બાબત નોંધમાં લઈએ કે સગીર વયના પુત્ર, પુત્રી, પૌત્ર અને પૌત્રીનો આ સંદર્ભે સમાવેશ કરવામાં આવતો નથી. એટલે કે સગીર વયના સંતાનો સામે કાયદેસર કાર્યવાહી થઈ શકતી નથી.

ભરણપોષણના સંદર્ભમાં કપડા, ખોરાક એટલે કે જીવનનિર્વાહનો ખર્ચ, રહેઠાણ, દાકતરી સારવાર વગેરે તમામ બાબતોનો સમાવેશ થાય છે.

માતા-પિતાના સંદર્ભમાં કાયદેસરના માતા-પિતા અથવા દતક માતા-પિતા અને અપર પિતા તેમજ અપર માતાનો એમ કોઈપણ વ્યકિત કે જે વરીષ્ઠ નાગરિક હોય કે ન હોય તેનો સમાવેશ થાય છે. હવે કાયદાકિય જોગવાઈઓના સંદર્ભમાં જોઈએ તો,

આ કાયદાની કલમ-૪માં માં-બાપ અને વરીષ્ઠ નાગરિકોના સંદર્ભમાં જોગવાઈ કરવામાં આવી છે. જે મુજબ,

(અ) જે ૬૦ વર્ષ ઉપરની વ્યકિત હોય કે જે માતા અથવા પિતા હોય અથવા માતાપિતા બંને સાથે પણ હોય તે પોતાનું ભરણપોષણ પોતાની આવક અને મિલકત માંથી કરી શકે તેમ ન હોય તે આ કાયદાની કલમ - ૫ હેઠળ કેસ કરવાને હકદાર છે.

(બ) માં-બાપ એટલે માતા, પિતા અથવા દાદા-દાદી પણ સગીર વયના સંતાનો ન હોય એટલે કે ઈન્ડીયન મેજોરીટી એકટ અંતર્ગત જેણે પુખ્તતા પ્રાપ્ત કરી છે તેવા સંતાનો સામે આવી અરજી થઈ શકે છે. તે ખાસ નોંધ લઈએ કે એક થી વધારે સંતાનો સામે પણ આ અરજી થઈ શકે છે.

(ક) જો કોઈ સીનીયર સીટીઝન નિઃસંતાન હોય તો આવો વ્યકિત પોતાની મિલકત જેને વારસામાં મળી શકે તેમ છે તેવા સગા સામે આવી અરજી કરી શકે છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

ભાવનાઓ, અનુભવો અને ભક્તિની સંવેદનાઓને ખુલી અને ખીલીને અભિવ્યક્ત કરતા સર્જકની ઉર્મિલ રચનાઓ

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

ભાગ્યે જ કોઇ કવિ કે સર્જક હશે જેણે રાધા કે કૃષ્ણના અનોખા પ્રેમની કવિતા નહીં કરી હોય.

જમનાના કાંઠે, કદંબ વૃક્ષની ડાળીએ, વાંસળીના સૂર રેલાવતાં કૃષ્ણનું બાળપણ અને રાધા સાથે દૈવી પ્રેમથી કરેલી રાસલીલાને જેણે આંકો બંધ કરીને સ્વપ્નવત નિહાળી છે તેવા પરંપરા પ્રેમી અને ઉપાસક દ્વારા સ્વાંત સુખાય રચાયેલ કેટલાંક પદોના ભજન અને સંતવાણી પ્રકારની રચનાઓ ધરાવતા પુસ્તકની વાત આજે મારે તમને કરવી છે.

'વાંસળીના સૂર' જેવું સૂરીલું નામ ધરાવતા આ સંગ્રહમાં ૧૪૦ જેટલી રચનાઓને સમાવવામાં આવી છે. આ 'વાંસળીના સૂર' ને આપણા જાણીતા સંત પરંપરાના સાધક કવિ ડૉ. દલપત પઢિયારે કૃષ્ણભક્તિના ભાવપૂર તરીકે પોંખે છે અને જણાવે છે કે કવિના મોટા ભાગની રચનાઓ ભક્તિગાનની ઊર્મિ પ્રકારની છે. આ રચનાઓ અને તેના ગાનના કેન્દ્રમાં કૃષ્ણ છે. 'વાંસળીના સૂર' રુપે અહીં સર્જકનું એક પોતીકું ગાન આપણને સાંભળવા મળે છે.

સંગ્રહની મોટાભાગની રચનાઓનો નિરુપણ વિષય કૃષ્ણભક્તિ અને કૃષ્ણપ્રેમ છે. અહીં હરિ, શ્યામ, ઘનશ્યામ, નંદકુમાર, મોહન અને માધવ પ્રેમ અનેક જૂજવા, નામે રુપે કૃષ્ણ પ્રત્યેની ભક્તિનું ભાવ-ગાન થયું છે. પ્રેમ, ઝંખના, વિરહ, મિલન, તરસ, તૃપ્તિ, સ્નેહ શૃંગાર એમ અનેક ભાવસ્થિતિઓ નરુપાઈ છે. હરિ પ્રત્યેના શણગારની આધિનતા, સમર્પણતાના ભાવ પણ એમાં ઘુંટાયા છે. 'કૃષ્ણ મિલન', 'શ્યામને સંદેશો', 'શ્યામની બંસી', 'ગોકુળ કયારે આવશે?', 'કાનુડા તારી યાદ', 'મારગડો ના રોક કાનજી', 'મેલી દો કાન મારે કેડો', 'નહીં આવું રમવાને રાસ', 'મોહન મોરલી વગાડે છે.' 'તારી મોરલીના સૂર', 'વેણુ વગાડી વાટે', 'ઘર આવો પ્રિતમ', 'વાલાની વાંસળી', 'શ્યામ કયાં જઈ છૂપાયા?' વિગેરે રચનાઓ કૃષ્ણ પ્રેમની ઉલટનો પરિચય આપે છે. આ ઉપરાંત હરિનામ ભજીલે, કાલ બડો બલવાન, ચેતરે માનવ, સંત સમાગમ જગ, સાર, કર ભલા હોગા ભલા, કર્મનો બદલો જેવી રચનાઓ ભાવ બોધ, શિખામણ, ચેતવણી પ્રકારની રચનાઓ પણ અહીં ધ્યાનપાત્ર નિવડે છે.

કવિએ આત્મ સ્વીકૃતિ રુપે વાત 'વાંસળીના સૂર'ની કરી છે. જેમાં પોતાના સંઘર્ષપૂર્ણ જીવન અને વડીલોના સંસ્કાર સિંચનને કારણે ભક્તિપૂર્ણ થયેલ નીજ જીવનની વાત આલેખતાં કુટુંબ, મિત્રો, સાહિત્યસભાના અગ્રણીઓના આભાર પ્રદર્શિત કરવા સાથે પોતાના ભક્તિપૂર્ણ જીવનનું દર્શન કરાવ્યું છે.

'ભક્તિભાવમાં તરબોળતાં' વાંસળીના સૂર શિર્ષકથી પૂર્વ શિક્ષણ અને આરોગ્ય મંત્રી ડૉ. કરસનદાસ સોનેરીએ કવિને મળેલ પિતાનો વારસો, ભક્તિમય પરોપકારી જીવન જીવતાં પોતાની વ્યથાઓ અને કથાઓને જે રીતે લોકો સમક્ષ મુકતા રહ્યા છે તેની વાત સાથે તેમની સામાજિક સેવાભાવી અનેક સંસ્થાઓમાં સેવાકીય પ્રવૃત્તિની નોંધ લઇ પિતાના વારસાગત કર્મકાંડ, જયોતિષ અને માનવ જીવનને નિરામય બનાવતી યોગ સાંધના સાથે માર્ગદર્શન સેવા સરળ જીવન અને સતત પ્રવૃત્તિમય રહેનાર સર્જક તરીકે બિરદાવ્યા છે.

વાંસળીના સૂરમાં વહેતો કવિનો શબ્દ શિર્ષકથી જાણીતા કવિ અને ગાંધીનગર સાહિત્ય સભાના પૂર્વ પ્રમુખ ટ્રસ્ટી એવા ભાનુભાઇ પુરાણીએ તેમને ભીનાં હૈંયાનાના સર્જક કહ્યા છે. કેમ કે કવિ નિજાનંદી છે અને આત્માનંદ માટે લખે છે.

નંદકિશોરમાં 'નિજાનંદી' તરીકે ઉલ્લેખતાં 'ધરતીનો ધબકાર' ના કોલમીસ્ટ લોક સાહિત્યકાર દોલત ભટ્ટ જણાવે છે કે આ સર્જકની ભાષા સરળ છે. ભાવ ભરપુર છે. તો વળી ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિ ઊર્મિલ વાંસળીના સૂરના નેહભર્યા વધામણાં કરતાં હૃદયનો રાજીપો વ્યક્ત કરે છે. ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા કૃષ્ણભક્તિનું કાવ્યમય સ્વરુપ તરીકે નિરખી પોતાના વિચારો અભિવ્યક્ત કરતાં જણાવે છે કે 'પ્રત્યેક સર્જક પોતપોતાના મનોભાવમાં કૃષ્ણનું શબ્દચિત્ર દોરે છે. અહીં કવિએ ૧૧૦ કૃષ્ણભક્તિના ગીતોમાં અપ્રતિમ ભાવ પ્રગટાવ્યો છે.' તો સાથોસાથ સદ્‌વાંચન પરિવારના સંયોજક શિવશંકર દવે, વાંદળીના સૂરમાં તેમના શુભેચ્છાના સૂર પુરાવે છે. મહેશચંદ્ર પંડ્યાએ પણ તેમને મંગલકામના પાઠવી છે.

કૃષ્ણભક્તિના ગીતો સિવાય આ સંગ્રહમાં હોળી, 'દારૂએ દાટ વાળ્યો, નૂતન વર્ષાભિનંદન, વૃક્ષથી શીખી લે, મેરા દેશ મહાન, અખંડ ભારત, ભ્રૂણહત્યા, આત્મચિંતન, સંદેશ, વિવેદાનંક અને રેટીંયાનો કાંતનાર કેવો હતો' જેવી પ્રકીર્ણ અને પ્રાસંગીક રચનાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

સડક પર દમ તોડતી જિંદગીઓ : કાનૂન નહિ સમજ જરૂરી છે...!!!

રઝળપાટ

akurjt@gmail.com

(ગતાંકનું ચાલુ)

રોડ અકસ્માતો નિવારવા પહેલા તો સટીક અને ચોક્કસ રોડ સેફ્ટી નિયમો હોવા જોઈએ, તેના પછી એના પાલન માટેની પ્રતિબધ્ધતા હોવી જોઈએ અને છેલ્લે એના ભંગ બદલ આકરા દંડ કે સીક્ષાની જોગવાઈ હોવી જોઈએ. પણ કમનશીબી એ છે કે સવારે બકરાની જેમ સ્કુલવાનમાં ખડકાતા બચ્ચાઓ ભરેલી વાન બિન્દાસ ટ્રાફિક પોઈન્ટથી નીકળી શકે છે, હજુ મુછનો દોરો પણ ના ફૂટ્યો હોય એવા યુવાન કે માંડ ૧૩૧૪ વર્ષની છોકરી બિન્દાસ મોપેડ કે સ્કુટર લઈને સ્કુલે કે શહેરમાં ફરી શકે છે, ૫૦૧૦૦ રૂપિયાના બદલામાં ૧૦ની કેપેસીટીવાળી તુફાન જીપ ૨૦ લોકોને ઠાંસીને બે પોઈન્ટ વચ્ચે બિન્દાસ ફેરા કરતી રહે છે, હીટ એન્ડ રન કરીને નાસી ગયેલા કે પછી પકડાઈ ગયેલા વટભેર કોર્ટોમાં હાજર થઈને મુદ્દતો નાખ્યા કરે છે. કાયદા કાનુન માય ફૂટ...!!!

રોડ અકસ્માતોમાં મરનારાઓમાં એવું નથી કે બધા જ બીજાની ભૂલથી અકસ્માતનો ભોગ બને છે, આમાંથી ઘણાખરા ખુદના વાંકે જ મોતના મોમાં હોમાય જાય છે. સલામતી અને સેફ ડ્રાઈવિંગના મંત્રો આપણે જાણે ભણ્યા જ નથી. યુરોપમાં કે જયાં મોટાભાગના હાઈવે નિર્જન અને નાના કે શાંત ગામોમાંથી પસાર થતા હોય છે ત્યાં અધી રાત્રે પણ જો ટ્રાફીક લાઈટ લાલ હોય તો અચૂક વાહનો ઉભા રહી જ જાય, પછી ભલેને કોઈ રસ્તો ક્રોસ કરવા વાળું હોય કે નાં હોય. આપણે એનાથી ઉલટું છે....હે કી નહિ ?? સલમાનના કેસમાં ઉછળી ઉછળીને દલીલો કરનારાઓ આપણે પણ ટ્રાફિક નિયમો બાબતે શું એટલા જાગૃત છીએ? મેજોરીટી જવાબ નાં જ આવશે...!!! આગળ જોયું એમ દ્વિચક્રી વાહનસવારોના રોડ અકસ્માતોમાં વધુ મોત થવાનું એક કારણ હેલ્મેટ નહોતી પહેરી એ પણ હોય છે. આપણે રોડ સેફ્ટી અને અકસ્માતથી બચવા કશું કરવા નથી માંગતા. ૧૮ વર્ષના થયા વગરના સંતાનને કેટલા લોકો ડ્રાઈવિંગ કરતા રોકે છે ?

ગોપીનાથ મુંડેનું આવા જ એક અકસ્માતમાં મોત થયું એટલે સરકાર સફાળી જાગી અને માર્ગ સલામતીને એને લગતા કાયદાઓ કે એના પાલન પર ગંભીર બનશું એવી વાત કરી, એક મહિનામાં જ નવા સુધારેલા રોડ સેફ્ટી એક્ટ અમલમાં આવશે એવી વાતો પણ કરી પણ હકીકત એ છે કે હજુ પણ માર્ગ સલામતી બાબતે આપણે બીજા દેશોથી ઘણા પાછળ છીએ. વાહનો પર રીફ્લેકટરો લગવાવથી કે માર્ગ સુરક્ષા સઝાહ ઉજવવાથી કાઈ અકસ્માતો ઘટવાના નથી કે ઘટ્યા પણ નથી કેમકે આપણે ત્યાં મોટાભાગના અકસ્માતોનું કારણ બેફામ ડ્રાઈવિંગ અને નશો કરીને વાહન ચલાવવું મુખ્ય છે. ટ્રાફિકના નિયમો ક્યાં કોઈને પાળવા છે અને ક્યા કોઈને પળાવવા પણ છે...? ખાલી ગુજરાત નહિ પણ આખાયે ભારતમાં આ જ હાલ છે એટલે તો માર્ગ અકસ્મા